# અમેરિકા તરફના લોકોના આકર્ષણનું શું છે રહસ્ય ?

-- વિનોદ આર. પટેલ (યુ.એસ.એ.)

યુનાઇટેડ સ્ટેટ્સ ઑફ અમેરિકા એ દુનિયાનો એક એવો દેશ છે, જ્યાં જવા માટે દરેક દેશના લોકો તલસતા હોય છે. આ દેશમાં જવા માટે કાયદેસર રીતે વિઝા ન મળે તો ગેરકાનૂની રીતે યેનકેન પ્રકારેણ ખૂબ ખર્ચ કરીને અને જાતને જોખમમાં મૂકીને પણ અમેરિકામાં પ્રવેશ કરવાની તક મળે એને પોતાનું નસીબ માને છે. મોહમયી ધરતી અમેરિકા પ્રત્યેના આવા આંધળા આકર્ષણ માટે ઘણાં કારણો છે. આમાંનાં કેટલાંક અગત્યનાં કારણો અંગે મારા આ દેશમાંના લગભગ બે દાયકાના વસવાટ અને અનુભવને આધારે મારા વિચારો અહીં રજૂ કરેલ છે.

અમેરિકાની મુખ્ય ખાસિયત એની વંશીય ભિન્નતા (ethnic diversity) છે. દુનિયાનાં લગભગ બસો દેશોમાંથી લોકો અહીં આવીને વસ્યા છે અને એટલે જ એને વસાહતીઓ (ઇમિગ્રન્ટ્સ)નો દેશ કહેવાય છે. આ વિવિધ દેશ અને જાતિના લોકો એમની સાથે લાવેલ એમના દેશની અલગ સંસ્કૃતિ, રીતરિવાજો અને સામાજિક સંસ્કારો વગેરેને આ દેશરૂપી મોટા મેલ્ટિંગ પૉટમાં ઓગાળી દઈને એક નવી જ વૈશ્વિક અમેરિકન સંસ્કૃતિનું નિર્માણ કર્યું છે. આ નૂતન સંસ્કૃતિમાં આ બધા લોકો પોતાના 'અમેરિકન ડ્રીમ'ને સાકાર કરવા માટે ખૂબ જ પરિશ્રમ કરી સારી કમાણી કરીને પોતાની અને દેશની સમૃદ્ધિમાં વૃદ્ધિ કરી રહ્યા છે. ૪થી જુલાઈ, ૧૭૭૬ના રોજ સ્વાતંત્ર્યના ઘોષણાપત્ર (ડેકલેરેશન ઑફ ઇન્ડિપેન્ડન્સ) સાથે અમેરિકાનો એક સંયુક્ત રાષ્ટ્ર તરીકે જન્મ થયો એ પછી માત્ર ૨૩૫ વર્ષના ઇતિહાસમાં અમેરિકાએ દરેક ક્ષેત્રે જે પ્રગતિ સાધી છે, એ ખૂબ જ અદ્ભુત છે. અમેરિકાની વસ્તી દુનિયાની વસ્તીના માત્ર ૬ ટકા જ છે, પરંતુ આર્થિક સમૃદ્ધિ (નેશનલ ઇન્કમ), લશ્કરી તાકાત, રિસર્ચ ઍન્ડ ડેવલપમેન્ટ, શિક્ષણ અને સાહિત્ય એમ લગભગ દરેક ક્ષેત્રમાં અગ્રેસર રહી આજે આ રાષ્ટ્ર સુપર પાવર તરીકે ઊભરી આવ્યું છે. આપણને વિચાર કરવા પ્રેરે છે કે ભારતનાં હજારો વર્ષના ઇતિહાસમાં જે ન થઈ શક્યું એ અમેરિકાએ ૨૩૫ વર્ષના ઇતિહાસમાં કેવી રીતે કરી બતાવ્યું ? એનું શું રહસ્ય છે ?

જગતમાં 'અમેરિકન ડ્રીમ' તરીકે જાણીતા વિચારના પાયામાં દેશના લોકશાહી સ્વાતંત્ર્યનું ઘોષણાપત્ર અને એનું બંધારણ છે, જેમાં જણાવવામાં આવ્યું છે કે ભગવાને બધા જ મનુષ્યોને સમાન બનાવ્યા છે. દરેક મનુષ્યને જન્મ સાથે જ કેટલાક ઉથાપી ન શકાય એવા મૂળભૂત હક્કો જેવા કે પોતાની રીતે જીવન જીવવું, સ્વતંત્રતા અને સુખ મેળવવા તરફની ગતિ (લાઇફ, લીબર્ટી ઍન્ડ પરશ્યુટ ઑફ હેપીનેસ) મુખ્ય છે. એમાં વધુમાં જાહેર કરવામાં આવ્યું છે કે દરેક વ્યક્તિને કોઈ પણ જાતના સામાજિક વર્ગભેદ, જાતિ ભેદ કે જન્મના સંજોગોના ભેદ વગર ભગવાને બક્ષેલ પોતપોતાની શક્તિ પ્રમાણે પોતાની જીવનને બહેતર અને સમૃદ્ધ બનાવવાની તકો મળવી જોઈએ. અમેરિકામાં સરકાર દ્વારા દેશના બંધારણના આ મૂળભૂત સિદ્ધાંતોનું કાયદાકીય રીતે ચુસ્ત પાલન કરવામાં આવે છે. આ રીતે અહીંની આખી સમાજરચના ઉત્સાહપ્રેરક છે, જે તમોને તમારી પ્રણાલી, સંસ્કારો અને શક્તિ પ્રમાણે જીવનને બહેતર બનાવવાની છૂટ અને સગવડો આપે છે, અને તમે મહેનત કરો, તો એ પ્રમાણમાં તમને એનો બદલો મળશે જ એવો વિશ્વાસ પ્રેરે છે. કોઈ કામ કરવા માટે કોઈ માણસ ઊંચો કે નીચો બનતો નથી કે કોઈ પણ

કામ કરવા નાનમ અનુભવતો નથી. અંગ્રેજી શબ્દ AMERICANમાં છેલ્લા ચાર અક્ષરો I CAN છે, જે સૂચવી જાય છે કે અમેરિકન તરીકે તમે કોઈ પણ મુશ્કેલ કામ કરવાને શક્તિમાન છો. છેક છેવાડાનો સામાન્ય સ્થિતિનો માણસ પણ સ્વ-પુરુષાર્થથી ટોચ સુધી પહોંચી શકે છે. એક લાકડાની કેબિનમાં જન્મ લેનાર અબ્રાહમ લિંકન, ખેડૂતના દીકરા લિન્ડન જૉન્સન અને હેરી ટ્રુમેન તેમજ ગરીબીમાં ઉછરેલ એક આફ્રિકન અમેરિકન બરાક ઓબામાં પણ આ મહાન દેશના પ્રેસિડેન્ટ જેવા સર્વોચ્ચ પદ સુધી પહોંચી શકે છે, અને 'યસ વી કેન'ના વિશ્વાસને સિદ્ધ કરી શકે છે.

અમેરિકામાં પુરુષાર્થ કરીને સારું કમાઈ શકાય છે અને અહીંની આધુનિક સગવડો ભોગવી શકાય છે. એટલું જ નહીં, દેશમાંથી પોતાનાં સગાં-સ્નેહીઓને અહીં બોલાવીને એમને પણ કમાણીની તકો પૂરી પાડી શકાય છે. આપણા ગુજરાતના પાટીદાર ભાઈઓ છેલ્લાં કેટલાંક વર્ષોથી અહીં સારું કમાઈને થોકબંધ સગાંઓને અમેરિકા આમંત્રીને દેશમાં શરૂ થઈ ચૂકેલી આ નવી તરાહની 'ક્વિટ ઈન્ડિયા' (ભારત છોડો) ચળવળમાં ફાળો આપી રહ્યા છે ! અહીંની આબોહવામાં જ એવું કૌવત છે કે દેશમાં જે લોકો આળસુ, ઓટલાતોડ અને બેકાર હોય છે તેવા લોકો અહીં આવીને થોડા સમયમાં જ વહેલા ઊઠીને પોતપોતાના કામે લાગી જાય છે, ડૉલરદેવરૂપી મહાદેવની પૂજા કરવા માંડે છે અને અહીંની શિસ્ત, હરીફાઈ અને પરિશ્રમને પુરસ્કૃત કરતી કાર્યસંસ્કૃતિ (વર્કકલ્ચર)માં બરાબર પલોટાઈ જાય છે. હાથમાં ડૉલર દેખાતા થાય એટલે એક ડૉલરના ૫૦ રૂપિયાની ગણતરીથી કામનો ઉત્સાહ બેવડાઈ જાય છે અને પ્રગતિની મંજિલ સુધી પહોંચી જાય છે. અમેરિકા આવવા માટેનું આ એક મોટું આકર્ષણ છે.

વળી, અહીંની સ્વચ્છતા, ઝડપી કામગીરીની બેનમૂન વ્યવસ્થા, સત્તાધારીઓ અને આમપ્રજાનો સહકારભર્યો વર્તાવ, સ્વચ્છ હવાપાણી, આધુનિક સસ્તી સગવડો, પ્રામાણિકતા અને પરિશ્રમ કરીને કમાવવાની અનેક તકોથી પ્રભાવિત થઈને અહીં આવવા માટે લોકોને મોટું આકર્ષણ પૂરું પાડે છે.

દુનિયાના અનેક દેશોમાંથી વિદ્યાર્થીઓ વધુ અભ્યાસાર્થે અમેરિકા આવવાનું પસંદ કરે છે, કારણ કે દુનિયાના કોઈ પણ દેશ કરતાં દરેક વિદ્યાશાખાઓની ઉચ્ચ દરજ્જાની ઘણી યુનિવર્સિટીઓ અને શૈક્ષણિક સંસ્થાઓ અમેરિકામાં આવેલી છે. એકવીસમી સદીની આધુનિક ટેક્નોલૉજી, રિસર્ચ ઍન્ડ ડેવલપમેન્ટ, અવકાશવિજ્ઞાન, કમ્પ્યૂટરસાયન્સ, મેડિકલ સાયન્સ જેવાં અનેક ક્ષેત્રોમાં અભ્યાસ કરવા માટે અહીં ઘણી તકો પૂરી પડાય છે. અમેરિકામાં નૉબેલ પ્રાઇઝ પ્રાપ્ત કરનાર વિદ્વાનો અને પ્રોફેસરો વિશ્વવિક્રમી સંખ્યામાં ૩૦૦ જેટલા છે, જે અહીંની શિક્ષણવ્યવસ્થા અંગે ઘણું કહી જાય છે. આમ, ઘણા યુવાનો બહેતર અભ્યાસ કરવા અમેરિકા તરફ આકર્ષાય છે. ન્યૂયૉર્કના દરિયાકાંઠે એક હાથમાં સ્વતંત્રતાની મશાલ અને બીજા હાથમાં જ્ઞાનપ્રાપ્તિ માટેના પુસ્તકને પકડીને ઊભેલી સ્વાતંત્ર્યદેવીની પ્રતિમા જગતના લોકોને પોતાનું ભાગ્ય અજમાવીને પોતાના 'અમેરિકન ડ્રીમ'ને સાકાર કરવા માટે અમેરિકા આવવાનું જાણે કે આમંત્રણ આપી રહી છે !

આ લેખ વાંચીને માની લેવાની જરૂર નથી કે અમેરિકામાં બધું જ મહાન અને સારું છે. કાગડા બધે જ કાળા એ ન્યાયે અમેરિકાની ઘણી ખૂબીઓ છે, તો એની સામે ત્યાંની સામાજિક નીતિ-રીતિ જોતાં ઘણી ખામીઓ પણ છે, જેનું નિરૂપણ ફરી તક મળે કોઈ વાર કરીશું.

**11967, Trail Crest Ct**
**San Diego CA 92131**
**Phone : 858-536-8727**